ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યાં વગર પરત મોકલવું.

# 'સત્સંગ પરિચય-૧' પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે તેજસ્વી પરીક્ષાર્થી દ્વારા લખાયેલ જવાબવહી

રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ — સમય : સવારે ૯ થી ૧૧.૧૫ — કુલ ગુણ :- ૭૫

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ (તારીખ / મહિનો / વર્ષ) ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ..........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..................................................

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

................................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૯) | |
| | ૨ (૬) | |
| | ૩ (૫) | |
| | ૪ (૫) | |
| | ૫ (૪) | |
| | ૬ (૪) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૭ (૯) | |
| | ૮ (૪) | |
| | ૯ (૫) | |
| | ૧૦ (૪) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૪) | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧૩ (૧૦) | |
| વિભાગ - ૩, કુલ ગુણ | | |

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . . . .

ચેકર - નામ

**પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-**

1. **આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**
2. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.
3. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.
4. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.
5. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**
6. પ્રશ્નના ગુણ → | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા
7. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**
8. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.
9. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.
10. **પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલ પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.**
11. **જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલ ઉત્તર માન્ય ગણાશે નહિ.**

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**
2. Please write clearly and legibly.
3. Do not write your name on the answer book.
4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
5. Answer books without the signature of the Class Supervisor will be considered **NOT VALID.**
6. Marks for Question → | 1 Mark | | ← Space for Examiner to write marks
7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.
10. **Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.**
11. **Answers written on extra pages will not be considered valid.**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | |
|---|---|---|

**પરિચય-૧**

## વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''આપ અમારા જીવનપ્રાણ છો.''

કોણ કહે છે ? એભલ ખાચર કોને કહે છે ? મહારાજને

ક્યારે કહે છે ? ધર્મધુરા ધારણ કર્યા બાદ સૌ પ્રથમવાર મહારાજ ગઢડામાં પોતાનું માની રહ્યા અને કહ્યું આ ગઢડું મારું છે ને હું ગઢડાનો છું.

ગુણ : ૩

૨. ''સ્વામિનારાયણ ખુદા હોય તો ભલે રાજ્ય લઈ લે.''

કોણ કહે છે ? જૂનાગઢના નવાબ કોને કહે છે ? નાગર દીવાનને (નાગરોને)

ક્યારે કહે છે ? નાગર દીવાન મારફતે નાગરોએ નવાબને કહેવડાવ્યું કે સ્વામિનારાયણ ભગવાન છે. યુધ્ધ કરીને તમારું રાજ્ય જીતી લેશે ત્યારે.

ગુણ : ૩

૩. ''તે તમને સોરઠના હરિભક્તોને ભેટ આપીએ છીએ.''

કોણ કહે છે ? મહારાજ કોને કહે છે ? કુરજી દવેને

ક્યારે કહે છે ? ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત બનાવ્યા પછી સભામાં બેઠેલા કુરજી દવેને મહારાજ કહે છે.

ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. મૂળુખાચર નિર્વ્યસની થયા.

વરતાલ સમૈયામાં જતાં મૂળુ ખાચરે કુસંગીની ટકોરથી હોકો છોડ્યો અને સત્સંગીની ટકોરથી તમાકુ અને અફીણ છોડ્યાં. વ્યસનની ગુલામી છોડી જીવતર સુધાર્યું.

ગુણ : ૨

૨. શોભારામ આંધળો થયો.

સત્સંગી બળદેવભાઈના સમજાવવા છતાં અભિમાની શોભારામે કહ્યું તમારા સ્વામિનારાયણ ભગવાન સાચા હોય તો હું આઠ દહાડામાં આંધળો થઈ જાઉં. શોભારામ ચાર દિવસમાં જ આંધળો થયો.

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | |
|---|---|---|

૩. શ્રીજીમહારાજ બોલ્યા : 'સહજાનંદી કોઈ નહિ ને ?'

સાધુઓ પોતાને મુક્તાનંદી, બ્રહ્માનંદી એમ સદ્ગુરુઓના નામે ઓળખાવા લાગ્યા અને ભેદ પાડ્યા. સમૈયાની સભામાં મહારાજ સૌને તમે કોના શિષ્ય ? તેમ પ્રશ્ન પૂછવા લાગ્યા. સૌએ પોતપોતાના સદ્ગુરુના નામ આપ્યાં ત્યારે શ્રીજીમહારાજે બોલ્યા : 'સહજાનંદી કોઈ નહિ ને ?'

| ગુણ : ૨ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૩** ''પંચાળામાં મંદવાડ'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

પંચાળામાં પહેલા ચૈત્ર માસમાં મહારાજે કહ્યું, 'અમારા કુટુંબીજનોને અમારી પાસે કેમ બોલાવ્યા ? ત્યાગીએ કુટુંબીજનોના સંબંધ મૂક્યા પછી તેની ભાળ રખાય નહિ. વળી, અમે ઘરડા થયા છીએ માટે આ દેહ હવે ઝાઝું નભશે નહિ.' એમ કહી ઉદાસી ગ્રહણ કરી મંદવાડ ગ્રહણ કર્યો. છાના રહેવા લાગ્યા. કોઈને મળતા નહિ. સૂરાખાચરને આ મંદવાડની ખબર પડતાં ત્યાં આવ્યાં. અને મહારાજે મળવાની ના પાડતાં તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. તેમનો પ્રેમ જોઈ મહારાજની આંખમાંથી આંસુ પડ્યા અને તે સ્થળ બિંદુ સરોવર કહેવાય છે. મુક્તાનંદ સ્વામીએ મહારાજને પાછળ કાંઈ મૂકતા જવાની પ્રાર્થના કરી જેથી આ લોકમાં ફેરો અફળ ન જાય. પછી મહારાજે મંદિર, સાધુ, શાસ્ત્ર અને આચાર્ય કરી સંપ્રદાયની બાંધણી કરવાનો સંકલ્પ કરી સાજા થયા.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | | પ્ર-૪ | | પ્ર-૫ | |
|---|---|---|---|---|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. શીતળદાસનું દીક્ષા આપી શું નામ રાખ્યું ? ગુણ : ૧

શીતળદાસને દીક્ષા આપી વ્યાપકાનંદ નામ પાડ્યું.

૨. શ્રીજીમહારાજે પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા ક્યાં કરી અને શું નામ આપ્યું ? ગુણ : ૧

શ્રીજીમહારાજે વડતાલમાં પોતાના હાથે પોતાની મૂર્તિનું 'હરિકૃષ્ણ' નામ આપી પ્રતિષ્ઠા કરી.

૩. શ્રીજીમહારાજે ઉમરેઠમાં બ્રાહ્મણોને કયો ચમત્કાર બતાવ્યો ? ગુણ : ૧

જન્મથી જ મૂંગા અને અભણ જડ જેવા બ્રાહ્મણ હરિશંકર પાસે સ્પષ્ટ ઉચ્ચાર સાથે સુંદર રાગમાં ચારેય વેદના મંત્રોનું ગાન કરાવ્યું.

૪. શ્રીજીમહારાજે કુરાનની કલમો કોની પાસે બોલાવી ? ગુણ : ૧

શ્રીજીમહારાજે કરસનજી ભાટ પાસે કુરાનની કલમો બોલાવી.

૫. શ્રીજીમહારાજે રાધા અને રુક્મિણી વિવાહનાં પદો રચવાની આજ્ઞા કોને કરી ? ગુણ : ૧

શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો રચવાની આજ્ઞા કરી.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. બાળકને રાજી કર્યા. ગુણ : ૨

(૧) [✔] સભામાં નીકળેલો નાગ (૨) [ ] ટોપલામાં નાખી દૂર ફેંકવા ગયા

(૩) [ ] પ્રસાદીની ત્રણ કેરી આપી (૪) [✔] વહાલ કર્યું

૨. નરકના કુંડ ખાલી કર્યા. ગુણ : ૨

(૧) [✔] સ્વરૂપાનંદ સ્વામીને યમલોકમાં જવાની આજ્ઞા (૨) [✔] સ્વામિનારાયણ મહામંત્રનો ઉચ્ચાર

(૩) [ ] નરકમાં સબડતા જીવોને મનુષ્યદેહની પ્રાપ્તિ (૪) [ ] નરકના જીવો વૈકુંઠલોકમાં ગયા

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૬ | | પ્ર-૭ | |
|---|---|---|---|---|

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજ અને ઇચ્છારામભાઈનું મિલન ......લોયા...... ગામમાં થયું. ગુણ : ૧

૨. શ્રીજીમહારાજે ......વરતાલ...... ગામમાં બાર સ્વરૂપે દર્શન આપ્યાં. ગુણ : ૧

૩. શ્રીજીમહારાજે કહ્યું, '......અજેન યજેત્......' એટલે બકરા હોમીને યજ્ઞ કરવો એમ નહિ, પરંતુ જૂની ડાંગર હોમીને યજ્ઞ કરવો. ગુણ : ૧

૪. શ્રીજીમહારાજે કડુના કલ્યાણભાઈને દીક્ષા આપી ......અદ્‌ભુતાનંદ સ્વામી...... નામ પાડ્યું. ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

## વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''સૌ સૌની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે છે.''

કોણ કહે છે ? ......આચાર્ય મહારાજ (અયોધ્યાપ્રસાદજી)...... કોને કહે છે ? ......સેવકોને......

ક્યારે કહે છે ? ......માનસીપૂજામાં મગ્ન આચાર્ય મહારાજને વીંછીએ ડંખ ભર્યો ત્યારે કહે છે......

ગુણ : ૩

૨. ''સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો અને તે કહે તેમ કરજો.''

કોણ કહે છે ? ......શ્રીકૃષ્ણજી અદા...... કોને કહે છે ? ......જ્ઞાનજી સ્વામીને (યોગીજી મહારાજ)......

ક્યારે કહે છે ? ......પોતાની અંત અવસ્થા વખતે જ્ઞાનજી સ્વામીને પોતાની પાસે બોલાવી તેમના માથે બે હાથ મૂકીને કહે છે......

ગુણ : ૩

૩. ''બ્રહ્મચારીની જોડ તો બાંધેલી જ છે ને ?''

કોણ કહે છે ? ......શ્રીજીમહારાજ...... કોને કહે છે ? ......બ્રહ્માનંદ સ્વામીને......

ક્યારે કહે છે ? ......એક સમયે શ્રીજીમહારાજ ગઢપુરમાં સંતોની જોડ બાંધતા હતા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : 'આ મૂળજી બ્રહ્મચારીની જોડ કોણ છે ?' ત્યારે કહે છે......

ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. નરસિંહ પંડ્યાને નવાબે કાઢી મૂક્યો.

......નરસિંહ પંડ્યાના બુદ્ધિ વગરના પ્રશ્નો સાંભળી તેની મૂર્ખતા જોઈ નવાબે ગુસ્સે થઈને તેને કાઢી મૂક્યો......

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૮ | |
|---|---|---|

૨. પ્રેમાનંદ સ્વામીએ કીર્તન રચ્યું 'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી......'

મહારાજ સાથે લાડુબા, જીવુબા તથા અન્ય સ્ત્રીઓ જવા માટે તૈયાર થયા. મહારાજે ના પાડી. પછી માણકી ઘોડીને ચલાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ તે આગળ ચાલી જ નહીં. તેથી મહારાજે કહ્યું : 'આ ડોશીઓએ ઘોડીની વૃત્તિ ખેંચી રાખી છે.' તેથી તેમને સાથે આવવાની હા પાડી ત્યારે માણકી ચાલી. તેથી પ્રેમાનંદ સ્વામીએ તે ઉપર કીર્તન બનાવ્યું.

| ગુણ : ૨ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

પ્ર.૯ ''આજ્ઞાપાલક દાદા ખાચર'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

મહારાજ ઘેલામાં સ્નાન કરીને પાછા આવતાં હતા ત્યાં ટેકરા ઉપર સાધુબાવાઓને બેઠેલા જોઈ જીવાખાચરને કહ્યું : આ બાવાઓ આમ ખુલ્લામાં પડ્યા રહે તે કરતાં એમને ઉતારા માટે ધર્મશાળા કે એવું કંઈ કરી આપીએ તો ઠીક. ત્યારે જીવાખાચરે કહ્યું : આવા તો લંગોટિયા ઘણાય રખડતા હોય ? બધાનું આપણે ક્યાં ધ્યાન રાખીએ. આ જ વાત મહારાજે દાદાખાચરને કહી ત્યારે દાદાખાચરે કહ્યું : મહારાજ ! આપણો દરબાર સાધુઓને ઉતારા માટે આપીએ. ત્યારે મહારાજે પૂછ્યું તમે ક્યાં રહેશો ? ત્યારે તેમણે કહ્યું અમે તો નદીકિનારે ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું પણ આવા ભગવાનના ભક્તને દુઃખમાં રખાય ? આમ, મહારાજનો પડ્યો બોલ અધ્ધર ઝીલવા દાદાખાચર હંમેશા તૈયાર રહેતા. તેઓ દેહની, ધનની કે કુટુંબની ફિકર કરતા જ નહિ. દાદા ખાચર મહારાજની ખૂબ સેવા કરતા અને મહારાજ પણ તેમની વારંવાર પ્રશંસા કરતા. જીવા ખાચરને આથી ઈર્ષા થતી. દાદા ખાચરને સંતાન ન હતું તેથી તેનો ગરાસ પડાવી લેવાની જીવા ખાચરને ખૂબ ઇચ્છા રહેતી. તે અરસામાં દાદા ખાચર વધારે માંદા થયા જીવાખાચરને થયું, 'દાદો મરશે અને મને ગરાસ મળશે.' અંતર્યામીપણે મહારાજે તેમનો આવો સંકલ્પ જાણી તેને ખોટા કરવા મહારાજે દાદા ખાચરને કહ્યું, 'દાદા તારો ગરાસ બહેનોને લખી આપ.' કોઈ જાતના સંશય વગર તેમણે પોતાનો તમામ ગરાસ હતો તે બંને બહેનોને લખી આપ્યો. પણ મનમાં વિચાર સરખો ન આવ્યો કે, 'અમે શું ખાઈશું ?' મહારાજે પૂછ્યું ત્યારે દાદા ખાચર કહે 'હું ભાવનગર રાજ્યમાં જઈ નોકરી કરીશ.' બંને બહેનોને કહ્યું કે, 'ગરાસ માટે ચાકરની જરૂર પડશે તો દાદાને રાખો.' દાદાને દરબારમાં રહીને બહેનોનું ગરાસ અંગેનું કામકાજ કરવાની આજ્ઞા કરી. એક વર્ષ સુધી આવું કામ દાદાએ કર્યું. વળી, એક સમયે મહારાજે બંને બહેનોને બોલાવીને કહ્યું, 'તમારે ગરાસ રાખીને શું કામ છે ? દાદાને આપી દો' એમ પાછો દાદાને જ ગરાસ સોંપી દીધો. મનની આવી આકરી કસોટીમાંથી દાદા ખાચર જેવા ઉત્તમ વિશ્વાસુ ભક્ત જ પસાર થઈ શકે, બીજા કોઈથી આવું ન થાય. દાદાને બોલાવવા મહારાજે સાદ કર્યો ત્યારે દાદાખાચરે અડધી જ હજામત થયેલી અને વાળંદને અટકાવી દીધો. માથે કપડું વીંટી મહારાજ

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૯ | | પ્ર-૧૦ | | પ્ર-૧૧ | |
|---|---|---|---|---|---|---|

પાસે હાજર થઈ ગયા, ત્યારે મહારાજે કહ્યું આને કેટલો અમારો વિશ્વાસ છે ? મહારાજે તેમને હજામત પૂરી કરાવવા પાછા મોકલ્યા.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

૧. નિત્યાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળી શું બોલતા ? (ગુણ : ૧)

નિષ્કુળાનંદ સ્વામી કીર્તનો રચી વિષયનાં મૂળિયાં કાપે છે ને ગુણાતીતાનંદ સ્વામી વાતો કરીને કાપે છે. તેમને શાસ્ત્રની તંતી આડી આવતી નથી.

૨. પ્રેમાનંદ સ્વામીએ ચાતુર્માસમાં કયો વિશેષ નિયમ ધારણ કર્યો ? (ગુણ : ૧)

રોજ શ્રીજીમહારાજની મૂર્તિનાં આઠ પદ બનાવ્યા સિવાય જમવું નહિ તેવો વિશેષ નિયમ ધારણ કર્યો.

૩. ગુણાતીતાનંદ સ્વામી સોનાના થાળમાં શા માટે ન જમ્યા ? (ગુણ : ૧)

શ્રીજીમહારાજની આજ્ઞામાં રંચમાત્ર પણ ફેર પડવા ન દેવો એવો સ્વામીનો આગ્રહ હોવાથી સોનાના થાળમાં ન જમ્યા.

૪. શ્રીજીમહારાજના અગ્નિદાહ વખતે અગ્નિમાં પડવા કોણ તૈયાર થયું ? (ગુણ : ૧)

શ્રીજીમહારાજના અગ્નિદાહ વખતે દાદાખાચર અગ્નિમાં પડવા તૈયાર થયા.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયની સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઉપદેશક્રમ (ઘટનાક્રમ) પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય :- જાગા સ્વામીએ વાતો દ્વારા આપેલો ઉપદેશ**

**૧.** ભગવાનનું સ્વરૂપ સમજવું અને બ્રહ્મ થઈ પરબ્રહ્મને રાખવા. **૨.** તેમનો જન્મ સંવત ૧૮૮૩ના આસો વદ બીજના સોમવારે થયો. **૩.** સંવત ૧૮૯૫માં મોટા પૂર્ણાનંદ સ્વામીનો યોગ થયો. **૪.** મોટાપુરુષના ઓશિયાળા થઈને રહેવું પણ તેમને ઓશિયાળા ન કરવા. **૫.** ચૌદ વર્ષની નાની વયે બાઢડામાં પરણાવ્યા. **૬.** પંચવિષય, દેહાભિમાન અને અવળો પક્ષ મૂકવા. **૭.** અવગુણ લેવાનું મન થાય તો આપણા દેહનો, જાતિનો અને સ્વભાવનો અવગુણ લેવો. **૮.** પત્ની અમરાબાઈ તેમને શોધવા ગઢડે આવ્યાં. **૯.** આ ભક્ત અમારી આજ્ઞાથી સત્યાવીશ દિવસ સુધી બીડ સાચવવા રહ્યા. **૧૦.** પારકી ક્રિયા, પારકો આકાર કે પારકા દોષ જોવાં નહિ. **૧૧.** જૂનાગઢમાં સ્વામી જાગા ભક્તને સિત્તેર વખત મળ્યા. **૧૨.** ભગવાનના ભક્તનો તો અવગુણ લેવો જ નહિ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ફક્ત સાચા નંબરો | ૧ | ૪ | ૬ | ૭ | ૧૦ | ૧૨ | ગુણ : ૩ |
| યથાર્થ ઉપદેશક્રમ | ૧૦ | ૭ | ૧૨ | ૪ | ૬ | ૧ | ગુણ : ૩ |

**તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઉપદેશક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૨ | |
|---|---|---|

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી જાગાભક્ત :-** જૂનાગઢથી મહારાજની રજા લઈ પ્રાગજી ભક્ત મોસાળ જતા હતા ત્યારે રસ્તામાં આંબરડી ગામમાં બપોરે ધાબા ઉપર તક્ષક નાગ આવ્યો ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું, 'તું સીધો નીચે જતો રહે.'

જ. જૂનાગઢથી **સ્વામી**ની રજા લઈ **જાગા** ભક્ત **ઘેર** જતા હતા ત્યારે રસ્તામાં **ખારચિયું** ગામમાં **રાત્રે મણિધર સાપ છાપરેથી નીચે** આવ્યો ત્યારે **જાગા** ભક્તે કહ્યું, **'તારે માર્ગે ચાલ્યો જા.'**

ગુણ : ૧

૨. **મુકુંદાનંદ વર્ણી :-** ગઢડામાં ગુણાતીતાનંદ સ્વામી પાર્ષદોની જોડ બાંધતા હતા ત્યારે નિત્યાનંદ બ્રહ્મચારીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, 'આ અખંડાનંદ સ્વામીની જોડ કોણ ?'

જ. ગઢડામાં (ગઢપુર) **મહારાજ સંતોની** જોડ બાંધતા હતા ત્યારે **બ્રહ્માનંદ સ્વામી**એ **પૂછ્યું** 'આ **મૂળજી બ્રહ્મચારી**ની જોડ કોણ ?'

ગુણ : ૧

૩. **શ્રીકૃષ્ણજી અદા :-** મેવાસાના શંકર મહારાજના પુત્ર મેઘજીભાઈને આચાર્ય મહારાજે દીક્ષા લઈ સાધુ થવાનું કહ્યું.

જ. મેવાસાના **કરસનજીભાઈ**ના **પિતા ઈન્દ્રજીભાઈ**ને **સ્વામીએ ત્યાગી થઈ બ્રહ્મચારી** થવાનું કહ્યું.

ગુણ : ૧

૪. **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી :-** ઈ. સ. ૧૮૭૨ના મહા વદ નોમની રાત્રે નિત્યાનંદ સ્વામીએ અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, કૃપાનંદજીની હાજરીમાં કારણ દેહનો ત્યાગ કર્યો.

જ. **સંવત ૧૯૦૮**ના **માગશર સુદ ૮ના દિવસે નિત્યાનંદ સ્વામીએ વરતાલમાં** આચાર્યશ્રી **રઘુવીરજી** મહારાજ, **ગોપાળાનંદ** સ્વામી, **શુકમુનિ, શૂન્યાતીતાનંદજી** વગેરે સંતોની હાજરીમાં **ભૌતિક** દેહનો ત્યાગ કર્યો.

ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. શ્રીજીમહારાજે કરેલો સામાજિક ઉત્કર્ષ.
૨. આપણા જીવનમાં નિયમ-ધર્મની આવશ્યકતા.
૩. સુખ-દુઃખમાં સ્થિરતા રાખવાનો શ્રેષ્ઠ ઉપાય : કર્તા-હર્તાપણાની સમજણ

(૧) શ્રીજીમહારાજના સમયની રાજકીય અને સામાજિક પરિસ્થિતિનું વર્ણન કરવું - સમાજમાં પ્રર્વતેલા કુરિવાજો - બાળકીને દૂધ પીતી કરવી - સતી થવાની પ્રથા - હિંસક યજ્ઞો - બ્રાહ્મણ જેવી ઉચ્ચ જ્ઞાતિમાં પ્રવેશેલી માંસાહારની બદી - લગ્નમાં બીભત્સ ગીતોનું ગાન બંધ કરાવ્યું - સ્ત્રી કેળવણીની શરૂઆત કરાવી - બાઈ ભાઈની સભાઓ નોખી કરાવી - સદાવ્રતો આપ્યા - વાવ-તળાવના પૂતકર્મો કરાવી પુનઃજીવીત કરાવી - શિક્ષાપત્રી આપી. સામાજીક ઉત્કર્ષની સાથે આધ્યાત્મિક ઉત્કર્ષ કર્યો. (આ મુદ્દાઓને વિસ્તારથી લખવા)

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૩ | |
|---|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા